॥ સનાતન પરમો ધર્મ ॥
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર
સોસીયલ મિડીયા
પ્રચાર પ્રસાર · જાગૃત ઉજાગર
સનાતન ધર્મ પત્રિકા
FOR MEMBERS INTERNAL CIRCULAR
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ · નખત્રાણા-કચ્છ
સં -૨૦૭૮ ● જેઠસુદ-૧૫ ● તા.૧૪-૦૬-૨૨ ● મંગળવાર ● SDP No.: 781 MOB.:+91 7801877774, +91 7718977774 ankasantandharmpatrika@gmail.com

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ પૂના ઝોન પ્રેરિત પુના યુવક મંડળ દ્વારા આયોજિત કારકિર્દી માર્ગદર્શન

मार्गदर्शन सही हो तो दिए का प्रकाश भी सूरज का काम कर जाता है।

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર પુના ઝોન દ્વારા પ્રેરિત અને CSR રીજીયન અંતર્ગત શ્રી પુના પાટીદાર યુવા મંડળ દ્વારા આયોજિત ધોરણ ૧૦ અને ૧૨ તેમજ UNDER GRADUATE વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન (કરિયર ગાયડીયન્સ) સેશન રવિવાર તારીખ ૧૨-૦૬-૨૦૨૨ ના રોજ શ્રી પાટીદાર સમાજ, પુના ખાતે યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં CSR ના Education & Talent Hunt ના કન્વીનર પ્રો. હિંમતભાઈ કાનજીભાઈ સાંખલા (M Tech. Computer Engineer, Pune University) દ્વારા ઉત્તમ કારકિર્દી માર્ગદર્શન આપવામાં આવેલ. કરિયર કાઉન્સેલિંગ નો લાભ લેવા માટે વિવિધ ક્ષેત્રોના વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમજ તેમના વાલીઓ સહભાગી થયા હતા.

તેમની સાથે ઝોન તથા રિજિયન તથા સ્થાનિક યુવા મંડળ ના હોદ્દેદારો પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાર્થી ભાઈ-બહેનો મુંઝવતા પ્રશ્નોને નિરાકરણ કરેલ ત્યારબાદ પુના ઝોન સમાજના પ્રમુખશ્રી ડૉ. પ્રો. પુરુષોત્તમભાઈ પોકાર દ્વારા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા ચલાવવામાં આવતી વિવિધ શૈક્ષણિક સ્કીમો તથા શ્રી સમાજ દ્વારા વિદ્યા લક્ષ્મી અમૃત કુંભ ના માધ્યમ થી આપવામાં આવતી શૈક્ષણિક લોનની જાણકારી આપેલ,

સાથે સાથે શ્રી લક્ષ્મીનારાયણ સનાતન સમાજ કોંઢવા દ્વારા અલ્પ કિમતે પુસ્તક વિતરણ ના અભિગમ ની પણ જાણકારી આપેલ. પ્રો. શ્રી હિંમતભાઈ સાંખલા નું સન્માન ડોક્ટર દામજીભાઈ સાંખલા અને પુના સોલાપુર ઝોન સમાજ પ્રમુખશ્રી પુરુષોત્તમભાઈ પોકાર ના વરદ હસ્તે કરવામાં આવ્યું.

આભાર વિધિ રિજિયન IPP પ્રદીપભાઈ પોકાર દ્વારા કરવામાં આવેલ.

સંયોજક :- શ્રી કૃષ્ણકુમાર રવજીભાઈ વાગડીયા, પૂણે

મુંબઈ ઝોન સમાજ ના પ્રમુખ કાંતિભાઈ લીંબાણી ના અધ્યક્ષ સ્થાને વસઈ માં સંપર્ક યાત્રા

મુંબઈ સમાજ ઝોન દ્વારા પ્રેરિત તા.12-6-22 ને રવિવાર ના દિવસે વસઈ વિભાગ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ દ્વારા આયોજીત સ્નેહમિલન કાર્યક્રમમાં શ્રીઅ.ભા.ક.ક.પા. સનાતન સમાજ મુંબઈ ઝોનના પ્રમુખશ્રી કાંતિભાઈ લીંબાણી તથા સર્વ કારોબારી સભ્યો તથા શ્રી અ.ભા.ક.ક.પા. સનાતન સમાજના પ્રમુખશ્રી અબજી વિશ્રામ કાનાણી પણ અત્રે પધારી સમાજના સ્નેહમિલનની શોભામાં અભિવૃદ્ધિ કરી શક્યા હતા.

વસઈ-નાલાસોપારા- વિરાર સમાજની બાળાઓ દ્વારા ગોતીડા અને સ્વાગત ગીત દ્વારા સર્વ ઉપસ્થિત નું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ મુંબઈ ઝોનના પદાધિકારી દ્વારા સમાજની કાર્યવાહીનો સવિસ્તાર અહેવાલ જે તે જવાબદાર પદાધિકારી દ્વારા સવિસ્તૃત રીતે રજુ કરવામાં આવ્યો. યુવાસંઘના પૂર્વ કર્મઠ રોજીયન ચેરમેન અને વર્તમાન શ્રીસમાજના કિર્તી દિવાણી દ્વારા Y.S.K. યોજના અંગેની જીવનમાં જરૂરિયાત વિષે જાણકારી તથા સર્વને સહયોગી બનવા વિનંતી કરી.

શ્રીસમાજના પ્રમુખશ્રી અબજી વિશ્રામ કાનાણી દ્વારા શ્રીસમાજ પાસે આર્થિક ફંડ ના વિવિધ યોજનાઓ દ્વારા જરૂરીયાતવાળાને કેવી રીતે ફળવાય છે તેનો સંતોષકારક સમજણ સાથે રજૂઆત કરવામાં આવી અને કેન્દ્રીય સમાજને લગતા શ્રોતાઓના પ્રશ્નોનોના સંતોષકારક જવાબ આપી પોતીકી સમાજ ના સર્વ કર્ણધાર પદ ધર્મ બજાવે તેવી અપીલ કરવામાં આવી.

શ્રીસમાજની ભુજ શહેર નજીકની જમીન ખરીદી અને તેના વિકાસ બાબત સહુને માહિતગાર કરવામાં આવ્યા અને આ વિકાસમાં સહયોગ આપવા જણાવ્યું તો વસઈ-વિરાર સમાજ વતી તથા સભ્યો વતી સારો સહયોગની બાહેધરી આપવામાં આવી જેની ખુશી શ્રીસમાજના પ્રમુખશ્રીએ વ્યક્ત કરી અને ઉત્સાહ સાથે અભિનંદન પાઠવ્યા.

કાર્યક્રમનું સંચાલન સાથે સર્વના સંબોધન અને કાર્યશાળા ના માં ઉપસ્થિતિ સહુને પોતાનો કર્મઠ ભાવ આપવા તેમજ મુંબઈ ઝોન વ્યવસ્થાને સક્રિય ભૂમિકા માં ક્રિયાશીલ બનાવવા સૂચન કરવામાં આવ્યા.

સહમંત્રી - બાબુલાલ પોકાર તથા મંત્રી - રવિલાલ પોકાર દ્વારા સંચાલન કરવામાં આવ્યું. સભાના યજમાન વસઇ વિરાર સમાજના પ્રમુખ માવજીભાઈ પોકાર દ્વારા સર્વ પધારેલ મુબઇ ઝોનના પદાધીકારી તથા શ્રીસમાજના પ્રમુખશ્રી અબજીબાપા જેઓ વસઈ-વીરારના આંગણે પધાર્યા એનો આનંદ સહ ખુશી વ્યક્ત કરી સૌનો આભાર માન્યો.

ખજાનચી - મોહન છાભૈયા દ્વારા આભારવિધિ કરી સર્વે સમાજ મહાપ્રસાદ લઈ ફરી મળવાની કર્મઠ ભાવના સાથે છુટા પડ્યા.

સંયોજક - અંબાલાલ ભગત,વસઈ.

શ્રીરામ નગર કડવા પાટીદાર સનાતન યુવક મંડળની નવી કારોબારીની રચના

પ્રમુખ
હરિભાઈ શામજીભાઈ માકાણી

મંત્રી
સુરેશભાઈ દેવશીભાઈ સેંઘાણી

પૂર્વ કચ્છ રીજિયન માં માંડવી ડિવિઝન ના શ્રીરામ નગર કડવા પાટીદાર સનાતન યુવક મંડળ ની વાર્ષિક સામાન્ય સભા તારીખ: 02/03/2022 ના રોજ શ્રી રામનગર કડવા પાટીદાર સનાતન સમાજવાડી ખાતે પ્રમુખશ્રી પરેશભાઈ છાભૈયા ના અધ્યક્ષ સ્થાને મળી હતી.

સૌપ્રથમ યુવક મંડળના મંત્રી હરિભાઈ માકાણી એ લક્ષ્મીનારાયણની જયઘોષ સાથે સભા ની શરૂઆત કરેલ અને આવેલ સૌ સભ્યો નું સ્વાગત કર્યું. તેમજ ગત મિટિંગની મિનિટ્સ બૂકનું વાંચન કર્યું.

- ત્યાર બાદ યુવક મંડળના ખજાનચી મુકેશભાઈ છાભૈયા એ ગત વર્ષના હિસાબોની રજૂઆત કરેલ. યુવક મંડળના સૌ સભ્યોએ હિસાબોને બહાલી આપેલ.
- ત્યારબાદ યુવક મંડળના પ્રમુખશ્રી પરેશભાઈ છાભૈયા એ આગામી ત્રણ વર્ષની યુવક મંડળની નવી કારોબારીની રચના માટે પંચની નિમણૂક કરેલ. પંચોએ તેમની સૂઝબૂઝ તેમજ અનુભવના આધારે યુવક મંડળની આગામી ત્રણ વર્ષની કારોબારીની રચના કરેલ જેમાં,

પ્રમુખ:-હરિભાઈ શામજીભાઈ માકાણી
ઉપપ્રમુખ:- પ્રકાશભાઈ ઈશ્વરભાઈ માકાણી
મંત્રી:-સુરેશભાઈ દેવશીભાઇ સેંઘાણી
ખજાનચી:-મુકેશભાઈ કરમશીભાઈ છાભૈયા
સભ્ય:-રાજેશ વસંતભાઈ પોકાર
સભ્ય:-કલ્પેશ અમૃતલાલ સેંઘાણી
સભ્ય:-નીતિન નારણભાઈ પોકાર
સભ્ય:-બિપીનભાઈ વસંતભાઈ નાકરાણી
સભ્ય:-દિગંત ભરતભાઈ માકાણી
સભ્ય:-ભૂમિક શાંતિભાઈ છાભૈયા
સભ્ય:-અશ્વિનભાઇ વિસનજીભાઈ અમૃતિયા સલાહકાર
પરેશભાઈ પ્રેમજીભાઈ છાભૈયા
વલ્લમજીભાઈ અંબાલાલ માકાણી
હિતેષભાઇ દિનેશભાઇ પોકાર

ત્યાર બાદ યુવક મંડળના પ્રમુખ પરેશભાઈ છાભૈયા એ નવી કારોબારી ના સૌ સભ્યો ને શુભેચ્છા પાઠવેલ તેમજ તન, મન અને ધનથી યુવક મંડળના સર્વે કાર્યો માં સાથસહકાર આપતો રહીશ તેવું પ્રમુખસ્થાનેથી ઉદબોધન આપેલ.

તેમજ મંત્રી હરિભાઈ માકાણી એ ગત ત્રણ વર્ષમાં યુવક મંડળના સૌ સભ્યો તરફથી મળેલ સાથ સહકાર બદલ આભાર વ્યક્ત કરેલ.

તેમજ નવી વરાયેલ યુવક મંડળની સમિતિના મંત્રી સુરેશભાઈ સેંઘાણીએ આગામી સમયમાં સમાજ ના વિકાસ ને વધુ વેગવાન બનાવવા સૌ સભ્યોનો સંપૂર્ણ સાથ સહકાર મળતો રહે તેવી અપીલ કરેલ.

તેમજ યુવક મંડળ ના નવા વરાયેલા પ્રમુખ હરિભાઈ માકાણી એ સમાજ ના દરેક કાર્યમાં સંપૂર્ણ સાથ સહકાર આપતો રહીશ તેમજ નતનવા કાર્યોને પ્રાધાન્ય આપતો રહીશ તેવું પ્રમુખ સ્થાનેથી ઉદબોધન આપેલ.

અંતે મંડળના ખજાનચી મુકેશભાઈ છાભૈયા એ આભારવિધિ માં આવેલ સૌ સભ્યોનો આભાર વ્યક્ત કર્યો તેમજ પ્રમુખશ્રી ની અનુમતિથી સભાને પૂર્ણ જાહેર કરેલ.

સંયોજક: પિયુષભાઈ લિંબાણી (ગામ: બિદડા)

માંડવી કચ્છ ખાતે ગુજરાત પ્રવાસન દ્વારા મહાત્મા ગાંધીજીના જીવન દર્શનની ઝાંખી યોજાઈ

ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા ઉનાળુ વેકેશનના છેલ્લા સપ્તાહમાં માંડવી બીચ ખાતે મહાત્મા ગાંધીજીના જીવન દર્શનની ઝાંખી યોજાઇ હતી.પ્રવાસનની ગતિ વધારવા તેમજ વેકેશન માણતા બાળકો ગુજરાત અને દેશના ક્રાંતિકારીઓ અંગે વધુ માહિતગાર થાય તે માટે કચ્છના માંડવી બીચ ખાતે તા.૧૧ થી ૧૩મી જુન સુધી પ્રદર્શન સ્ટોલનું આયોજન કરાયું હતું. જેમાં મહાત્મા ગાંધીજીનું જીવન દર્શન અને તેને આવરી લેતી ગુજરાત સર્કિટ અંગે મુલાકાતીઓને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રદર્શનીનો બહોળી સંખ્યામાં પ્રવાસીઓએ લાભ લીધો હતો. તેવું પ્રવાસન વિભાગની માહિતી ની યાદીમાં જણાવાયું હતું.

કચ્છની સૂકી ધરા પર મેઘરાજા મહેરબાન થયા

ધાવડા મોટા ગામ માં થયા વરસાદ ના પધામણા

આજ વિદ્યાર્થી માટે શાળાઓતો ખુલી અને હવે બસ થોડા દિવસમાં વરસાદ આવશે આવશે ની વાતો કરતા હતા ને ઉગડતી સ્કુલેજ આવ્યો મેહુલિયો જે સહુને હર્ષ ની હેલી લાવ્યા જેવું થયું છે.ખેડૂત ભાઈઓ અને ગામ લોકોમાં ખુશીનો માહોલ.આજે જ આવી પહોંચ્યો વતન માં વરસાદ, ગત રોજ બપોર બાદ 03:30 વાગ્યા થી સતત ૧ કલાક માં લગભગ ૧"થી ૧.૫" ઇંચ વરસાદ નોંધાયો.આ ચોમાસા ની પ્રથમ વરસાદ ની જાણે સરૂઆત જ કચ્છ થી થઈ.

હરીપર કચ્છ ના ગામ માં સેરીઓ માં વરસાદી પાણી નું આગમન ખેડુ માડું થયા ખુશખુશાલ

કચ્છના વિવિધ સ્થળે ઊ ઊ મેઘરાજાની ધમાકેદાર બેટિંગ , નખત્રાણાના ગ્રામ્ય વિસ્તારમાં દોઢ ઈંચ વરસાદથી નદી નાળા વહી નિકળ્યા. • નખત્રાણા , લખપત , ભુજ અને ભચાઉ તાલુકામાં ધોધમાર વરસાદથી માર્ગો પર પાણી ફરી વળ્યાં • વરસાદથી પશુપાલકોને ફાયદો , ખારેક અને કેરીના પાકમાં નુકસાનની


વરસાદ ની પધરામણી એ જ નખત્રાણા તાલુકાના દ્રશ્યો, કંચની વાળી નદી, કોટડા પાસે

ભીતિ રાજ્યના અનેક વિસ્તારમાં વરસાદ વરસી રહ્યો છે. ત્યારે કચ્છ જિલ્લામાં પણ આજે મેઘરાજાએ પધરામણી કરી છે.

સોમવારે જિલ્લાના વિવિધ સ્થળે ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો . કચ્છી નવા વર્ષ અષાઢી બિજ પહેલા જ સૂકી ધરા પર પાણીના ધોધ વહાવી ઠંડક પહોંચાડી આપી છે . હવામાન વિભાગની આગાહી અનુસાર આજે જિલ્લામાં છુટા છવાયો વરસાદ વરસ્યો હતો . આજે એક થી દોઢ ઇંચ વરસાદ વરસ્યો છે .

જે પશુપાલકો માટે નવા ઘાસચારો ઉગવાથી લાભદાયક નીવડી શકે છે . જો કે , ખારેક અને કેસર કેરીના પાકમાં વરસાદથી આડઅસર પહોંચી શકે છે .વરસાદી પાણી ભરાઈ જતા વાહન ચાલકો પરેશાન.નખત્રાણાના કોટડા - જડોદર અને સાંયરા - યક્ષ પંથક માં એક કલાક સુધી ધોધમાર વરસાદ વરસ્યો હતો.

અહિં દોઢ ઇંચ જેટલો વરસાદ વરસતા નદી નાળા વહી નિકળ્યાં હતા. કોટડા નખત્રાણા વચ્ચે નવો બનેલો પુલ તંત્ર દ્વારા શરૂ કરવામાં ના આવતા ડાયવર્ઝન પર વરસાદી પાણી ભરાઈ ગયા હતા . જેથી વાહન ચાલકો પરેશાન થયા હતા.

ભૂજમાં સખ્ત ઉકળાટ બાદ વાતાવરણમાં પલટો આવ્યો. જિલ્લાના મુખ્ય મથક ભુજ ખાતે આજે બપોરે 3.30 ની આસપાસ એકાદ ઇંચ વરસાદ વરસ્યો હતો . શાળાના પ્રથમ દિવસે રજા મળ્યા બાદ વરસાદ પડતાં બાળકોએ ન્હાવાની મોજ માણી હતી . ભચાઉ તાલુકાના સામખીયાળી , આધોઇ વિસ્તારમાં પણ મેઘ મહેર થઈ હતી .

લખપતના નરા ખાતે પણ વરસાદ પડતાં લોકોને ગરમીથી રાહત મળી હતી . આ ઉપરાંત નખત્રાણાના ગ્રામ્ય વિસ્તારમાં સૌથી વધુ વરસાદ પડ્યો હતો .આગોતરો વરસાદથી કેરીના પાકને નુકસાનની ભીતિ આશાપુરા એગ્રો ફાર્મના હરેશ ઠક્કરે વરસાદ વિશે જણાવ્યું હતું કે વર્ષ ભર કેસર કેરીનો સ્વાદ લોકો યાદ રાખતા હોય છે ત્યારે તેઓને ઓછી ઉપજ વચ્ચે લાંબો


પશ્ચિમ કચ્છ માં વરસાદ ની ધડાકેભર પધરામણી.

સમય સુધી કેસર કેરી ખવડાવવા ખેડૂતોએ પોતાના ઝાડ પરથી બધી કેરી ઉતારી નહોતી જેના કારણે આગોતરો વરસાદ ક્યાંકને ક્યાંક કેરીના પાક માટે નુકસાન પહોંચાડી શકે છે.

40 ડિગ્રી તપતા તાપમાં કચ્છ વાસીઓ પોકારી ઉઠ્યા..? હવે તો તું 'વરસ' બસ એજ છે અમને ખરી 'તરસ' નેત્રા , કોટડા , રસલીયા, હરિપર, રવાપર , નખત્રાણા , વિરાણી, વિથોણ , અંગીયા , જીયાપર , મંગવાણા માં વરસી રહ્યા


નખત્રાણા તાલુકા ટોડીયા ગામ પાસેની ભૂખી (નાગમતી) નદી પહેલાં જ વરસાદે વહેતી થઈ

છે વરસાદ 'સરસ'... પ્રથમ મીઠડા મહેહુલાની પધરામણી ની આછેરી ઝલક ...

છેલ્લા બે દિવસથી ઉકળાટ અને બફારા વચ્ચે હવામાન વિભાગે કચ્છમાં છુટા છવાયા , હળવા ઝાપટા ની આગાહી કરી હતી તે સાચી નીવડી હતી. બપોરે 40+ ડિગ્રી ગરમીમાં બહાર નીકળવું કચ્છવાસીઓ માટે ખરેખર અસહ્ય હતું. ભારે ઉકળાટ બાદ આજરોજ 01 વાગ્યાની અરસામાં નેત્રા, હરિપર, રવાપર, કોટડા, નખત્રાણા તેમજ 3 વાગ્યાની આસપાસ વિથોણ, વિરાણી, અંગીયા , જીયાપર વગેરે ગામડામાં શેરી માંથી છૂટ પાણી વહી નીકળ્યા હતા.. પ્રથમ વરસાદની ઝલક જોવા અને વરસાદમાં રીતસરના લોકો શેરીમાં, ધાબા પર ન્હાવાની મોજ લેતા જોવા મળ્યા હતા..

ખેડૂત તેમજ માલધારીઓના ચહેરાઓમાં ખુશીની ચમક જોવા મળી હતી... લોકોના સ્ટેટ્સ વોટ્સએપ ગ્રુપમાં પ્રથમ વરસાદના વિડિઓસ અને ફોટોનો વરસાદ જોવા મળ્યા હતા..

પિયુષભાઈ રૈયાણીનું વરસાદ માહિતી ગ્રુપ તેમજ પાટીદારો નુ પ્રિય વતન માં ગ્રુપમાં ગામડાઓમાં વરસતો વરસાદ ની સચોટ માહિતી અને વિડિઓ જોવા મળ્યા હતા.

આજ રોજ મોટાભાગના યંગ જનરેશન એ પોતાના સ્ટેટ્સમાં પ્રથમ વરસાદની ખુશી પોતાના વોટ્સએપ , ફેસબુક , ઇન્સ્ટગ્રામ માં સ્ટેટ્સ દ્વારા વ્યક્ત કરી હતી..

આવનાર 15 એક દિવસમાં કચ્છની ધરા એકદમ લીલીછમજોવા મળી શકે છે. આપણે સૌ આશા રાખીએ કે આ વર્ષે મેઘરાજા મન મુકીને વર્ષે...જય હો...

સંયોજક : જગદીશ ભોજાણી, હિંમતનગર, મનોજ વાઘાણી કચ્છ પશ્ચિમ રિજિયન.

પૂનમ ના દિવસે માનવ મહેરામણ મંદિર માં દર્શનાર્થે

આજ રોજ વટ સાવિત્રી પૂનમ નિમિત્તે વહેલી સવારે આપણા સર્વ સમાજ ના ભક્ત જનો સમાજના સહુ સભ્યો અને અન્ય ભક્તો સવાર થી જ શ્રી ઉમિયા માતાજી વાંઢાય અને શ્રી લક્ષ્મીનારાયણ સંસ્કારધામ મધ્યે દર્શનનો લાભ લેવામાં આવી રહ્યો છે

વહેલી સવારે બહોળી સંખ્યામાં લોકો દર્શનાર્થે આવી રહ્યા છે તો આવનાર પૂનમ ના દિવસો માં હવેથી આનાથી પણ વધારે સંખ્યા થાય અને સહુ ભાવ સાથે આવે એવી પૂરી સંભાવના છે. દિવસ દરમ્યાન પૂનમનો સત્સંગ ખુબ સરસ થાય છે.

તો આપને સહુ વધારે મા વધારે સંખ્યામાં લાભ લે એવી વિનંતી.

શ્રી લક્ષ્મીનારાયણ સંસ્કાર ધામ કેન્દ્ર સ્થાન - દેશલપર

સિકંદરાબાદ યુવા મંડળ દ્વારા ત્રણ દિવસીય બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ નો શુભારંભ

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવા મંડળ, સિકંદરાબાદ દ્વારા બાળકો અને યુવા ભાઈ-બહેનો માટે ફન - ફેમિલી - ફરિકેટ (Fun Family N fricket) ત્રણ દિવસીય (બોક્સ ક્રિકેટ) ટુર્નામેન્ટ નું ગત રવિવાર તા.૧૨ જૂનના રોજ ઈલ્લા સ્પોટર્સ, હીજાક, કોમપલ્લી, હૈદરાબાદ મધ્યે સિકંદરાબાદ યુવા મંડળ ના પ્રમુખશ્રી રાજેશભાઈ જયંતિલાલ લીંબાણીની આગેવાની માં સમસ્ત કારોબારી સમિતિના સભ્યોની ઉપસ્થિતિમાં શુભારંભ કરવામાં આવેલ છે.

આ પ્રસંગે તેમજ બોક્સ ક્રિકેટ મેચો નો પ્રથમ રવિવાર નો આનંદ લેવા માટે 500 થી વધુ નાના મોટા જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. આ ટુર્નામેન્ટમાં ભાઈઓ માટે અંડર 18 ની 16 ટિમ તેમજ 18 વર્ષથી ઉપરના યુવાન ભાઈઓ ની 16 ટિમ તેમજ નાની બહેનો માટે 08 ટિમ અને મહિલાઓની 08 ટિમના ગ્રુપ બનાવીને રમાડવામાં આવશે.

આ આયોજનના પ્રથમ રવિવારના રોજ ભાઈઓની અંડર 18 ટિમની 16 ટિમ વચ્ચે લીગ મેચો રમાડેલ. જેમાંથી ભોઈગુડા, ચિંતલ, અમીરપેટ અને નાચારામ ટિમ સેમીફાઈનલ માટે ક્વોલિફાય કરી લીધું છે.

આગામી રવિવાર તા. 19 જુન ના રોજ 18 વર્ષ ઉપરના યુવાન ભાઈઓની લીગ મેચ રમાડવામાં આવશે. ત્યારબાદ ના રવિવાર તા. 26 જુનના રોજ બધા વર્ગની સેમી ફાઈનલ અને ફાઈનલ મેચો રમાડવામાં આવશે.આ ટુર્નામેન્ટનું સફળ અને સુંદર આયોજન કરવા માટે રમત ગમત મંત્રી યોગેશભાઈ રવાણીએ પોતાની યુવા શોર્યવાન ટીમ દ્વારા ખેલદિલી અને સમાજ સંગઠન ભાવના સાથે જવાબદારી ઉપાડી છે.

રમતગમત એ યુવા માં ચૈતન્ય સ્ફૂર્તિ ને ઉત્સાહ ના સ્પંદન થકી જ્ઞાનની જજ્ઞાશા જાગૃત પણ થાય અને પરિપૂર્ણ પણ થાય અને સરીર મન તંદુરસ્ત રહે છે.

સંયોજક : જસવંત સુરાણી

રાયપુર સમાજ માં Covid નાં બૂસ્ટર ડોઝ નાં વેકસીનેશન કેમ્પ નું આયોજન

છત્તીસગઢ રિજિયન દ્વારા રાયપુર ખાતે આયોજિત અખિલ ભારતીય શૂટિંગ વોલીબાલ ટુર્નામેન્ટ સ્વર્ણિમ ૨૦૨૨તારીખ ૧૦-૧૧-૧૨/૦૬/૨૦૨૨ ના ખૂબજ સરસ , આયોજન દરમ્યાન તારીખ ૧૧/૦૬/૨૦૨૨ અને ૧૨/૦૬/૨૦૨૨ નાંબુસ્ટર ડોઝ વેકસિનેશન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું,

આ કેમ્પ માં બે દિવસ માં ૩૬૦ જ્ઞાતિજનોએ વેકસિનેશન નો લાભ લિધો.આ કેમ્પ માં છત્તીસગઢ રિજિયન ના હેલ્થ એન્ડ ડિઝાસ્ટર ના કન્વીનર ચંદનભાઈ રામાણી રિજિયન ચેરમેન કિશોર ભાઈ નાકરાણી, રિજિયન વિભાગીય ચેરમેન અને રાયપુર યુવા મંડળ મહામંત્રી જીગ્નેશ નાકરાણી.

રાયપુર યુવા મંડળ ના સ્વાસ્થ્ય વિભાગ ના પ્રવિણ ભાઈ નાકરાણી, રાજેશ ભાઈ છાભૈયા .અશોક ભાઈ લીંબાની, નરેશ ભાઈ છાભૈયા અને દિપક ભાઈ બાથાણી હાજર હતા. Forest Council Health N Disaster Management Team સમસ્ત આયોજન કર્તાઓ ને માનવ કલ્યાણ હિતમાં આટલું સુંદર આયોજન કરવા બદલ મુક્ત કંઠે બિરદાવે છે.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ યુવા સુરક્ષા કવચ (YSK) સહયોગનિધિ બાબતે

જો આપ,આખર તારીખ 15.06.2022 સુધીમાં સહયોગનિધિ જમા નથી કરાવતા તો, Rs. 100/- પેનલટી થાય, રિસ્ક કવરેજ બંધ થાયત્યારબાદ,

છૂટની તારીખ 15.07.2022 સુધીમાં જો પેનલટી સહિત સહયોગનિધિ જમા નથી કરાવતા તો, Rs.200/- વધારાની પેનલટી, આપનું સભ્યપદ Deactive એટલે કે કોઈ લાભ પ્રાપ્ત ન થાય અને ફરીથી Active કારવશો ત્યારે નિયમ મુજબનો 1વર્ષનો Locking Period લાગુ પડે...

આવું ન થવા દેશો... આપના પરિવારના તમામ સભ્યોના સભ્યપદ સુરક્ષિત રહે તે જોવાની જવાબદારી કાર્યકારની સાથે રહી તમારી પોતાની પણ છે...

સહયોગનિધિ online ભરવા માટે તમારો YSK નંબર આ લિંકમાં લાસ્ટ 0000 ના બદલે YSK નંબર લખી, બિલના link માં pay online આવશે ત્યાંથી ભરી શકો છો.
https://eysk.org/pay-repayment/0000
બેંક માં ભરવા માટેની માહિતી નીચે પ્રમાણે છે.

State Bank Of India
Yuva Surksha Kavach
Saijpur Bogha Branch
AcNo.: 30735629087
Ifsc code: SBIN0003044

HDFC BANK
Yuva Suraksha Kavach
Naroda Branch.
Ac No. : 50200016473482
Ifsc code: HDFC0000958

હાર્દિક અભિનંદન

નમસ્વી વીરેન કુમાર લીંબાણી
SSC - 87.33%

નમસ્વી લીંબાણી જેઓહાલે ભરૂચ કચ્છ માં ઘડુલી.રાજ પ્લાય ઇન્ડ. ભરૂચ માતા-પિતા : હર્ષિદાબેન વિરેનકુમાર પટેલ SSC માં 87.33% મેળવી ભરૂચ સમાજ તથા લીંબાણી પરિવાર નું અભ્યાસ થકી જરૂર આગામી સમય માં ગૌરવ દર્શાવશે.ઉચ્ચ અભ્યાસ માં રુચિ દાખવી સુંદર પરિણામ મેળવનાર

આણંદ કૃષિ યુનિવર્સિટી
"વોકેશનલ કોર્ષ ઓન લેન્ડસ્કેપ ગાર્ડનિંગ"માં પ્રવેશ અંગેની જાહેરાત

૧.	કોર્ષનું નામ અને મુદત	: "વોકેશનલ કોર્ષ ઓન લેન્ડસ્કેપ ગાર્ડનિંગ" સુશોભન માટેના બાગ બગીચાઓ તૈયાર કરવા તેમજ તેની જાળવણી કરવા માટેનો છ માસનો પ્રમાણપત્ર કોર્ષ
૨.	કોર્ષનું સ્થળ	: શેઠ ડી. એમ. પોલિટેકનીક ઈન હોર્ટિકલ્ચર આણંદ કૃષિ યુનિવર્સિટી, મોડલ ફાર્મ, વડોદરા-૦૩
૩.	શૈક્ષણિક લાયકાત	: ધોરણ ૧૦ પાસ (એસ.એસ.સી.)
૪.	ઉંમર	: ૧૫ થી ૪૫ વર્ષ
૫.	અરજીફોર્મ સૂચિપત્ર	: રૂબરૂમાં કેન્દ્ર ખાતે કચેરી સમય દરમ્યાન રૂા. ૫૦=૦૦ રોકડા ભરવાથી અથવા રૂા. ૭૫=૦૦ નો મનીઓર્ડર મોકલવાથી મળી શકશે. અથવા નીચે દર્શાવેલ વેબસાઈટ પરથી ફોર્મ ડાઉનલોડ કરી ફોર્મની સાથે ફી રૂા. ૫૦=૦૦ રોકડા જમા કરાવવાની રહેશે.
૬.	સ્ટાઈપન્ડ	: રૂા. ૨,૦૦૦/- પ્રતિ માસ
૭.	અરજી ફોર્મ મેળવવાની તારીખ	: ૧૩-૦૬-૨૦૨૨
૮.	અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ	: ૧૮-૦૭-૨૦૨૨
૯.	વધુ માહિતી મેળવવા માટેના ફોન નંબર અને વેબસાઈટ	: ૦૨૬૫-૨૨૮૧૮૮૦ (મો.) ૭૦૧૬૪ ૧૩૬૪૬ : http://www.aau.in/sites/default/files/vocational course on landscape gardening adv application form adm poly hory news jun 2022.pdf

સ્થળ :- વડોદરા
તા. ૧૩-૦૬-૨૦૨૨
(માહિતી-વડો-૩૫૫/ ૨૨-૨૩)

આચાર્ય
શેઠ ડી. એમ. પોલિટેકનિક ઈન હોર્ટિકલ્ચર
આણંદ કૃષિ યુનિવર્સિટી
મોડલ ફાર્મ, વડોદરા

પ્રધાનમંત્રી મોદી 17 જૂને ગુજરાત આવશે
17 જૂને ગાંધીનગર ખાતે રાજભવનમાં કરશે રાત્રિરોકાણ
18 જૂને સવારે પાવાગઢના દર્શને જશે
18 જૂને વડોદરામાં જનમેદનીને સંબોધન કરશે
8,907 પ્રધાનમંત્રી આવાસ યોજનાનું લોકાર્પણ કરશે

શ્રી ઉમિયા માતાજી મંદિર સીદસર પ્રેરીત મહિલા સંગઠન સમિતિ સિદસર સૌરાષ્ટ્ર ઝોન આયોજિત સોળ સંસ્કાર ઉત્તમ સંતાનનો કાર્યક્રમ ગય કાલે પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ રાજકોટ ખાતે યોજાયેલો હતો.
આજના નવયુગલોને ગર્ભધારણ સમયે યોગ્ય પગલાં કય રીતે ભરવા એ માહિતી ડોક્ટર મનીષા મોટરીયાએ સમજાવેલ ,સુમધુર સંગીત સાથે વિનોદ પટેલે નવદંપતી ને યોગ્ય માર્ગદર્શન આપેલ હતું સીદસર મંદિર ના એમ.ડી જયેશભાઈ પટેલે સંસ્થાનો પરિચય આપ્યો હતો,
પ્રોફેસર જયેશભાઈ વાછાણી અત્યારની જીવન શૈલી વીશે માહીત ગાર કરેલ હતાં સ્વાગત શ્રી ઉમિયા મંદિર સિદસર મહિલા સંગઠન સમિતિ સૌરાષ્ટ્ર ઝોન આધ્યક્ષ શ્રીસરોજબેન મારડિયા કર્યું હતું પ્રાથના ગીત દક્ષાબેન માકડીયાએ ગાયું હતું આ તકે આગેવાનુશ્રી જેરામભાઇ વાસજાળીયા, મેનેજિંગ ટ્રસ્ટી શ્રીજયેશભાઈ પટેલ, કાંતીભાઇ ઘેટીયા, પ્રફુલ્લભાઇ કાથરોટીયા, ધર્મેન્દ્રભાઈ ઉકાણી, ડેનીસભાઈ હદવાણી વગેરે ઉપસ્થિત રહ્યા હતાં
કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી ઉમીયા મહિલા સમીતી રાજકોટ પ્રમુખ જ્યોતિબેન ટીલવા, વર્ષાબેન માકડિયા મહામંત્રીશ્રી તાલુકા પ્રમુખ આરતીબેન રાજોડિયા,કોટડા તાલુકા પ્રમુખ ભાવનાબેન ભાલોડિયા મહિલા સમિતિ વોર્ડ પ્રમુખ ઉપપ્રમુખ મંત્રી અને સભ્યોએ ખુબ સહકાર આપેલ હતો કાર્યક્રમનું સફળ બનાવવામાં ઉમિયા સંગઠન સમિતિ,યુવા સમિતિ અને મહિલા સંગઠન સમિતિ રાજકોટનો ખુબ ખુબ સહકાર રહ્યો હતો

અવસાન નોંધ

તારીખ 12/6/2022
સ્વ.મુકતાબેન હરેશભાઈ લીંબાણી, ઉમર વર્ષ : 50
કચ્છ માં ગામ આણંદસર (મંજલ)

તારીખ 14/6/2022
સ્વ.રામજીભાઈ દેવજીભાઈ સાંખલા
ઉમર વર્ષ : 80
કચ્છ માં ગામ ટોડીયા,
હાલે સાંગલી (MH)

તારીખ 13/6/2022
સ્વ.ગીરીશભાઈ હિંમતભાઈ વેલાણી
ઉમર વર્ષ : 38
કચ્છ માં ગામ કોટડા (જડોદર)
હાલે પીન્યા, બેંગ્લોર

H.K. DOORS

HK DOORS
First IMPRESSION of your HOUSE
BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME
TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE

HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva
Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883

BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705

KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.

PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26,
Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham
Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884

H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur,
Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205

પત્રવ્યવહાર : ૫૦૧- ૫૦૪, પાંચમો માળ,નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા-દહેગામ રોડ,એસ.પી.રિંગ રોડ પાસે,નરોડા-અમદાવદ. ૩૮૨૩૩૦. મો. ૭૮૦૧૮૭૭૭૭૪